सत्यमेव जयते

**( નમુનો :–અ )** **આંક–**

**નેત્રંગ ના મ્હે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**(શ્રી એચ.આર.ખમલ ) સાહેબની કોર્ટમાં, મુકામ : નેત્રંગ**

**ચુકાદાની તારીખ – ૧૮/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૧૫૧૬/૨૦૨૫**

**ગુનાની વિગત**

| | | |
|---|---|---|
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫(એ)(ઈ) | |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ.ર. નં.૧૧૧૯૯૦૦૫૨ ૫૦૨૭૨/૨૦૨૫ | |
| પોલીસ સ્ટેશન | નેત્રંગ પોલીસ સ્ટેશન | |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી | |
| રજુઆત કારીયા | વિ.એ.પી.પી.શ્રી.પી.આર.ચૌધરી | |
| આરોપીપક્ષ | **(૧.)** | વિપુલભાઈ મહેન્દ્રભાઈ વસાવા.<br>ઉ.વ.૫૦, રહે.નોળીયા કંપની<br>નેત્રંગ,તા.નેત્રંગ,જી.ભરૂચ. |
| રજુઆત | આરોપીપક્ષે વિ.વ.શ્રી.સી.એ.પંચાલ | |

**( નમુનો :–બ )**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૮/૦૫/૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૮/૦૫/૨૦૨૫ |
| અહેવાલની તારીખ | ૨૪/૦૮/૨૦૨૫ |
| ચાર્જફ્રેમની તારીખ | ૧૨/૦૧/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૨/૦૧/૨૦૨૬ |
| ચુકાદા રાખવા માટેની તારીખ | ૧૮/૦૬/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૮/૦૬/૨૦૨૬ |
| સજા કરી હોય તેની તારીખ | |

## ::આરોપીની વિગત::

| આરોપીનુ નામ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયાની તારીખ | ગુનો/ તહોમત | તકસી રવાન / નિર્દોષ | સજા | સી.આર.પી.સી ૪૨૮ માટે કસ્ટીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિપુલભાઈ મહેન્દ્રભાઈ વસાવા. | ૧૫/૦૬/૨૦૨૫ | ૧૭/૦૬/૨૦૨૫ | પ્રોહી કલમ–૬૫ (એ)(ઈ) | નિર્દોષ છોડયા | – | |

## (નમુનો:–ક)

### ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે સાક્ષી યાદી

| અનુક્રમ નં. | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|
| ફ.સા.૧ | ચંન્દ્રકાંતભાઈ ગણપતભાઈ વસાવા | પંચ સાહેદ |
| ફ.સા.૨ | નરેન્દ્રભાઈ રોહિતભાઈ વસાવા | પંચ સાહેદ |
| ફ.સા.૩ | કમલેશભાઈ ખાનસીંગભાઈ વસાવા | ફરીયાદી |

### ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે ન્યાયાલય ના આંકની યાદી

| અનુ.ક | આંક | નામ |
|---|---|---|
| ૧ | ૬ | ચંન્દ્રકાંતભાઈ ગણપતભાઈ વસાવાની જુબાની |
| ૨ | ૮ | નરેન્દ્રભાઈ રોહિતભાઈ વસાવાની જુબાની |
| ૩ | ૭ | પંચનામુ |
| ૪ | ૦૯ | ફરીયાદી કમલેશભાઈ ખાનસીંગભાઈ વસાવાની જુબાની |
| ૫ | ૧૦ | ફરીયાદ |

## –: ઠરાવ:–

### (૧) કેસની ટુંકમાં હકીકત

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ તમો તહોમતદારનાઓ પોતાના ખેતરમાં આવેલ ઘરની રૂમમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો નંગ-૪૭૪ કિંમત રૂપિયા ૧,૬૬,૮૦૦/- નો પ્રોહી મુદ્દામાલ વેચાણ કરવાના ઈરાદે રાખી પોલીસ પંચોની રેડ દરમ્યાન હાજર ન મળી આવી પાછળથી પકડાઈ જઈ, એકબીજાની મદદગારી કરી, ગુનો કરેલ હોય જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપી વિરૂધ્ધ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) **<u>ન્યાયિક કાર્યવાહી</u>**

આ કામે આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામે ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ /વોરંટ બજી જતા જેના અનસંધાને આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં તેઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીઓ વિરુધ્ધ હાલના ગુના સંબંધી આંક-૪ થી તહોમતનામુ ફરમાવી, આંક-૫ થી લેવામાં આવેલ પ્લી લગત ગુના નો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ છે. નિર્દોષ છોડી મુકવા રજૂઆત છે

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**<u>::- મુદાઓ ::-</u>**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ તમો તહોમતદારનાઓ પોતાના ખેતરમાં આવેલ ઘરની રૂમમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી |

| | |
|---|---|
| | દારૂની બોટલો નંગ–૪૭૪ કિંમત રૂપિયા ૧,૬૬,૮૦૦/– નો પ્રોહી મુદ્દામાલ વેચાણ કરવાના ઈરાદે રાખી પોલીસ પંચોની રેડ દરમ્યાન હાજર ન મળી આવી પાછળથી પકડાઈ જઈ, એકબીજાની મદદગારી કરી, **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(ઈ)** મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| ૨. | શું હુકમ |

૫) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

**<u>– કારણો –</u>**

(૬) **<u>મુદ્દા નં. ૧ અને ૨:–</u>**

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

(૬.૧) ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરીયાદપક્ષે સૌપ્રથમ પંચ સાહેદ **ચંન્દ્રકાંતભાઈ ગણપતભાઈ વસાવા આંક–૦૬ તથા પંચ સાહેદ નરેન્દ્રભાઈ રોહિતભાઈ વસાવાને આંક–૦૮થી** સોગંદ પર તપાસેલ છે. તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવે છે. મજકુર પંચસાહેદ તેમની જુબાનીમાં રેઈડ અંગે ના પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેમની જુબાનીમાં જણાવતા નથી.આમ, સદર પંચસાહેદોની જુબાનીથી **આંક–૦૭** વાળું રેઈડ અંગેનુ પંચનામું પુરવાર થતું નથી.

(૬.૨) ત્યારબાદ, ફરીયાદ પક્ષ ધ્વારા **આંક–૦૯ થી ફરિયાદી કમલેશભાઈ ખાનસીંગભાઈ વસાવા** ને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ હું નેત્રંગ પોલીસ સ્ટેશને મારી ફરજ પર હાજર હતો તે દિવસે નેત્રં

ગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૦૫૨૫૩૭૨/૨૦૨૫ થી પ્રોહી કલમ ૬૫(એ)(ઈ) મુજબનો ગુનો નોંધી સદર ગુનાની આગળની તપાસ અમોને સોંપવામાં આવેલ. સદર ગુનાની ફરીયાદ હકીકત જોતાં ભરૂચ એલ.સી.બી.ના અ.હે.કો. દિપકભાઈ દાદુભાઈ તથા અ.હે.કો. જયરાજભાઈ ભરતભાઈ તથા અન્ય સ્ટાફના માણસો તથા બે પંચોના માણસો સાથે બાતમીદારથી મળેલ બાતમી આધારે મોવી રોડ નેત્રંગ ખાતે વિપુલભાઈ મહેન્દ્રભાઈ વસાવાનાઓના ખેતરમાં બનાવેલ ઘરમાં તપાસ કરાતા ભારતીય બનાવટના વિદેશીદારૂની બોટલ કુલ નંગ-૪૭૪ જેની કિંમત રૂપિયા ૧,૬૬,૮૦૦/- નો પ્રોહી મુદ્દામાલ મળી આવેલ જે અંગેનું વિગતવારનું પંચનામું કલાક ૧૭/૪૫ થી કલાક ૧૮/૪૫ સુધીનું અ.હે.કો. જયરાજભાઈ ભરતભાઈનાઓએ કરી પંચનામાની વિગતે પ્રોહી મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબજે કરેલ. ત્યારબાદ સદર ગુનાના કામે અ.હે.કો. દિપકભાઈ દાદુભાઈનાઓએ ફરીયાદ આપેલ આજરોજ મને સદર ફરીયાદ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે તેમાં ફરીયાદી તરીકેની અ.હે.કો.દિપકભાઈ દાદુભાઈનાઓની સહી છે. જે હું ઓળખી બતાવું છું. સદર ફરીયાદ આંક-૧૦ થી રજુ છે. ત્યારબાદ સદર ગુનાના કામે અમોએ આગળની તપાસ સંભાળેલ અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા હાલનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકું આરોપી આજરોજ નામદાર કોર્ટમા હાજર છે.

ત્યારબાદ, તેઓની આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન તેઓએ એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, નેત્રંગ મોવી વસ્તી વાળો રોડ છે અને તેની આજુબાજુ દુકાનો અનુ ઘરો આવેલા છે. એ વાત ખરી છે કે, નેત્રંગ મોવી રોડથી રાજપારડી ૨૫ કિ.મી.ના અંતરે આવેલ છે.એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન અમો ધ્વારા બનાવ સમયે રેડીંગ પાર્ટીના કર્મચારી પેટ્રોલીંગમાં હતા તે અંગેનો કોઈ આધાર પુરાવો તપાસ દરમ્યાન રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, અમોએ એફ.એસ.એલ. નો રીપોર્ટ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, રેડ દરમ્યાન પ્રોહી કલમ-૧૨૦ નો કોઈ ઠરાવ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે રેડ દરમ્યાન બનાવવાળી જગ્યાની માલિકીની કોઈ દસ્તાવેજો

કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ નથી.

(૭) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીઓ પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા રહેણાંક જગ્યા છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા પંચોના નામ જણાવેલ છે. પરંતુ, સદર પંચો બનાવ વાળી જગ્યાના રહેલ નથી. વળી, તેઓએ સ્વીકાર કરેલ છે કે બનાવ વાળી જગ્યા પર થી પંચો સહેલાઇ થી મળી શકે, પરંતુ શા માટે બનાવ વાળી જગ્યા પર થી પંચો ને બોલાવેલ નથી આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા જાહેર જગ્યા આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ ઝડતી પંચનામામાં જગ્યાની ચર્તુદિશા પણ બતાવવામાં આવે છે તેમજ આરોપી વિરુધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીના કબજામાં થી દારૂ મળી આવેલ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી જેથી પંચોની હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સંબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુધ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપીત કરેલ છે કે, જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧ (૨૬) જી. એચ. જે. ૦૧)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો તે સલામતી ભર્યું ગણાય નહી. વધુમાં, **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એસ. (ગુજ) ૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચસાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મૃદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીંગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી. તે અંગેનો કોઈ રીપોર્ટ

ફરીયાદપક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદીની જુબાનીમાં ઉલટતપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતા તેઓ ધ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલ પંચસાહેદ તટસ્થ પંચસાહેદ છે. તેમ છતાં તેઓએ આરોપી પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરિયાદીનાં પુરાવાને તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન મળેલ ન હોય, તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં તેમજ ફરિયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચસાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી.વધુમાં, ત.ક.અ ધ્વારા રેઈડ દરમ્યાન પ્રોહી કલમ-૧૨૦ નો ઠરાવ કરેલ હોઇ તેવો કોઇ પુરાવો રજુ રાખેલ નથી. જે તમામ સંજોગોમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ,૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટ, ૧૯૪૯ ની કલમ-૬૫(એ)(ઈ) મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યે, મુદામાલ પાવતીમાં જણાવેલ તમામ પ્રોહીબીટેડ મુદામાલ દારૂ નો નાશ કરવો.

(૩) આરોપીએ બી.એન.એસ.એસ,૨૦૨૩ ની કલમ-૪૮૧(૧) ની જોગવાઈ મુજબ સદર ચુકાદા વિરૂધ્ધ અપીલ થાય તો તે સંદર્ભે ના ૭ માસ ના સમયગાળા માટે જામીન રજુ કરવા.

આ હુકમ આજ તા.૧૮, માહે-જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ - નેત્રંગ
તારીખ -૧૮/૦૬/૨૦૨૬.

(**હર્ષદ રાજાભાઈ ખમલ**)
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નેત્રંગ
**[GJ01749]**